# દમણની કંપનીમાં ભીષણ આગ ભભૂકી

**ડાભેલની** ટોટલ પેકેજીંગ કંપનીમાં આગ લાગતા બાજુની એસ.પેકેજીંગ કંપની પણ ચપેટમાં આવતા અફરાતફરીનો માહોલ

**દમણ**, વાપી, સેલવાસ, સરીગામ સહિત ખાનગી કંપનીની 12 થી 15 જેટલી ફાયર ટીમ આગ પર કાબૂ મેળવવા જોતરાઈ



દમણ : સંઘપ્રદેશ દમણના ડાભેલ વિસ્તારમાં આવેલી પ્લાસ્ટિક પેકેજીંગ પ્રોડક્સ બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગતા બાજુમાં આવેલી અન્ય એક પેકેજીંગ કંપની પણ આગની ચપેટમાં આવી ગઈ હતી. આગ લાગવાનો બનાવ બનતા મેજર કોલ જાહેર કરાયો હતો. કામદારોના મહામૂલા મોબાઈલ ફોન બળીને ખાક થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ સોમવારે સવારે દમણના ડાભેલ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી અને પ્લાસ્ટિક ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરતી ટોટલ પેકેજીંગ કંપનીમાં અચાનક આગ લાગવાનો બનાવ બન્યો હતો. નાની સરખી લાગેલી આગે અચાનક રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા આ વિસ્તારમાં અફરા તફરીના માહોલ સર્જાયો હતો. કામદારો પણ કંપનીમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા. જોતજોતામાં આખે આખી કંપની આગની જ્વાળામાં ભડભડ બળતા આગના ધુમાડા દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતા. વિકરાળ આગને પગલે કંપનીમાં મૂકેલા જ્વલંતશીલ પદાર્થના ડ્રમ ફાટતા આગ બાજુની કંપની એસ. પેકેજીંગમાં પ્રસરતા તે પણ આગની ચપેટમાં આવી ગઈ હતી. બનાવની જાણ થતા દમણ ફાયર વિભાગની ટીમે આવી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો, પરંતુ વિકરાળ આગ કાબુમાં ન આવતા આસપાસના વિસ્તારની ફાયર ટીમની મદદ માટે મેજર કોલ જાહેર કરાયો હતો. જેને પગલે વાપી, સેલવાસ, સરીગામ, ઉમરગામ સહિત ખાનગી કંપનીની ફાયર ટીમની મદદ લેવાતા 12 થી 15 જેટલી ફાયર ટીમ બનાવ સ્થળે આવી પાણી અને ફોર્મનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા જહેમત શરૂ કરી હતી. અંતે 2 થી 3 કલાકની મહેનત બાદ આગ પર ફાયર વિભાગને કાબુ મેળવવામાં સફળતા મળી હતી. આ ઘટનામાં બંને કંપનીમાં રાખવામાં આવેલો પ્લાસ્ટિકના દાણા સહિતનો રો-મટિરિયલ્સ તથા મશીનરી સહિતનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. જો કે, આ ઘટનામાં કામદારોની સતર્કતાને પગલે તેઓ સુરક્ષિત પણે બહાર નીકળી જતા કોઈપણ પ્રકારની જાનહાનિ કે કોઈને પણ ઇજા પહોંચી ન હતી. આગ લાગવાનું પ્રાથમિક તારણ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું ફાયર વિભાગની ટીમની તપાસમાં સામે આવ્યું હતું.

### મોટાભાગના કામદારોના મોબાઈલ આગમાં સ્વાહા થયા

સમગ્ર ઘટનામાં એક તરફ કામદારો જીવ બચાવવા સુરક્ષિત રીતે કંપની પરિસરમાંથી નીકળી ગયા હતા, પરંતુ તેમના મોબાઇલ ફોન આ આગની ઘટનામાં સ્વાહા થઈ ગયા હતા. એક કામદારે જણાવ્યું કે, જ્યારે કોઈપણ કામદાર કંપનીના મેન્યુફેક્ચરિંગ યુનિટ તરફ દાખલ થાય છે, ત્યારે તમામ કામદારોના મોબાઈલ ફોનને કંપની સંચાલકો દ્વારા સુરક્ષાના ભાગરૂપે એક ડ્રોવરમાં મુકાવી દેવામાં આવે છે. ત્યારે આ ઘટનાને પગલે કામદારો તો બહાર આવી ગયા પણ ડ્રોવરમાં મૂકેલા તમામ મોબાઈલ ફોન આગમાં સ્વાહા થઈ ગયા છે.



અમૃત પટેલ

# પારડીમાં 'ધ બર્નિંગ કાર'થી અફરાતફરી મચી

**પારડી :** પારડી ચાર રસ્તા પાસે એક ચાલતી કારમાં રવિવારે રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોકે, કાર ચાલકની સમયસૂચકતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી. મળતી માહિતી મુજબ, એક કાર પારડી ચિલ્ડ્રન હોસ્પિટલ નજીક એટલે કે કિલ્લા પારડી ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક કારમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. આગ જોતજોતામાં વિકરાળ બની ગઈ હતી અને આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. આગ લાગતાની સાથે જ કાર ચાલકે સમય પારખી લીધો હતો અને તાત્કાલિક કાર ઊભી રાખી નીચે ઉતરી ગયા હતા. ચાલકની સતર્કતાને કારણે તેમનો આબાદ બચાવ થયો છે. જો ચાલકે થોડી પણ વિલંબ કર્યો હોત તો મોટી દુર્ઘટના ઘટી શકી હોત. ઘટનાની જાણ થતા જ પારડી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

# મકાનમાં આગ લાગતા રૂમમાં સૂતેલા વૃદ્ધાનું દાઝી જતાં મોત

**પારડીના** રોહિણામાં માનસિક બીમારીથી પીડાતી માતાને બચાવવા પુત્ર અને સ્વજનોએ પ્રયાસ કર્યા, પરંતુ ધુમાડા અને આગે જીવ લીધો



પારડીઃ પારડી તાલુકાના રોહિણા ગામે આશ્રમ ફળિયાના એક માળના મકાનમાં વહેલી સવારે અચાનક આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ઉપરના માળે રૂમમાં સૂતેલા અને લાંબા સમયથી માનસિક બીમારીથી પીડાતા એક વૃદ્ધ મહિલાનું ગંભીર રીતે દાઝી જવાથી કરુણ મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, રોહિણા ગામે રહેતા કમલેશ ગમનભાઈ પટેલના વૃદ્ધ માતા કાવલીબેન છેલ્લા ૨૫ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા. ગત ૪ જાન્યુઆરીના રોજ રાત્રે જમ્યા બાદ, કમલેશભાઈએ માતાને દવા આપી ઉપરના માળે તેમના રૂમમાં સૂવા માટે મોકલ્યા હતા અને પોતે નીચેના રૂમમાં સૂઈ ગયા હતા.

આજરોજ વહેલી સવારે આશરે સાડા પાંચ વાગ્યે કમલેશભાઈને તેમના પિતરાઈ ભાઈ અંકિત પટેલનો ફોન આવ્યો હતો કે મકાનના ઉપરના માળે આગ લાગી છે. કમલેશભાઈ તાત્કાલિક ઉપર દોડી ગયા હતા, પરંતુ રૂમમાં ધુમાડો અને આગ પ્રબળ હોવાથી બુમાબૂમ કરી હતી. અવાજ સાંભળી ભાઈ અને પરિવારના અન્ય સભ્યો પણ દોડી આવ્યા હતા. સૌએ ભેગા મળી ડોલ વડે પાણી છાંટી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો.

આગ પર કાબૂ મેળવ્યા બાદ રૂમમાં જઈને જોતા હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવ્યા હતા. પલંગ, ગાદલું અને રૂમમાં રાખેલા કપડાં સંપૂર્ણપણે બળી ગયા હતા. ગંભીર રીતે દાઝી ગયેલા કાવલીબેન રૂમમાં નીચે પડેલા મળી આવ્યા હતા અને તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું.

પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે નાસતો-ફરતો આરોપી સુરતથી ઝડપી પાડ્યો



સાપુતારા : ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા પોલીસને થાપ આપી રહેલા નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સૂચનાના કડક અમલીકરણના ભાગરૂપે, ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને દોઢ વર્ષથી વોન્ટેડ એવા આરોપીને સુરતથી દબોચી લેવામાં મોટી સફળતા મળી છે. ડાંગ-આહવા એલ.સી.બી.ના પોલીસ સબ ઇન્સ્પેક્ટર જે.જી. અનડકટ અને તેમની ટીમ જિલ્લામાં પેટ્રોલિંગ અને વોચમાં હતી. આ દરમિયાન ટીમને બાતમી મળી હતી. બાતમી મુજબ, આહવા પોલીસ સ્ટેશનના એક ગુનામાં સંડોવાયેલો અને છેલ્લા દોઢ વર્ષથી પોલીસની પકડથી દૂર રહેતો આરોપી ભગવાનભાઈ માવજીભાઈ કથીરીયા હાલમાં સુરત ખાતે છે. ઝડપાયેલો આરોપી ભગવાનભાઈ અગાઉ આફ્રિકામાં રહેતો હતો અને લાંબા સમયથી વોન્ટેડ હતો. તે સુરતના ઉતરાણ વિસ્તારમાં આવેલી મંગલમ રેસિડન્સીમાં કોઈ સામાજિક પ્રસંગમાં હાજરી આપવા આવ્યો હોવાની જાણ થતા જ એલ.સી.બી.ની ટીમ સતર્ક થઈ હતી. પોલીસની ટીમે સુરત પહોંચી ઉતરાણ વિસ્તારમાં વિવિધ સ્થળોએ રેકી કરી હતી. દરમિયાન, આરોપી મંગલમ રેસિડન્સીના ગેટ પાસે ઊભો હોવાની ખાતરી થતા જ પોલીસે કોઈ તક ગુમાવ્યા વગર તેને ચારે બાજુથી ઘેરી લીધો હતો અને ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી ભગવાનભાઈ માવજીભાઈ કથીરીયા( રહે.E-304, મંગલમ રેસિડન્સી, ગુજરાતી વિદ્યાલય સામે, ઉતરાણ, સુરત.) વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, એલ.સી.બી. દ્વારા તેને વધુ તપાસ અને કાયદાકીય પ્રક્રિયા માટે આહવા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### ઉમરગામના પુનાટ ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજનું સ્નેહમિલન યોજાયું



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના પુનાટ ખાતે હરીરૂદ્ર ફાર્મ હાઉસમાં સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) વલસાડ જિલ્લાનું ભવ્ય ફેમિલી ગેટ ટુગેધર સ્નેહમિલન વલસાડ જિલ્લા પ્રમુખ તરૂણભાઈ દિક્ષિતની અધ્યક્ષતામાં હર્ષોલ્લાસભર્યા માહોલમાં યોજાયું હતુ. વલસાડ જિલ્લા સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભૂદેવ સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં SGBR પ્રદેશ મંત્રી ગીરીશભાઈ ત્રિવેદી, ભાર્ગવભાઈ જાની, પ્રદેશ ઉપાધ્યક્ષ જતીનભાઈ ત્રિવેદી, સાઉથ ગુજરાત અધ્યક્ષ શરદભાઈ ઠાકર, સહ અધ્યક્ષ કીર્તિભાઈ ત્રિવેદી સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જાવિત્રિ ભટ્ટ અને નિધી બધેકાએ કર્યું. મહિલા મંત્રી પ્રિયંકાબેન ઠાકરે અગાઉના કાર્યક્રમોની માહિતી આપી. જ્યારે મહિલા પ્રમુખ જયોતિબેન બધેકાએ આવનારા વર્ષોના કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી હતી. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બાળકો દ્વારા સંસ્કૃત શ્લોક પાઠ રહ્યો હતા. આ કાર્યક્રમ જિલ્લાના ભૂદેવ સમાજના સહકારથી સફળતાપૂર્વક સંપન્ન થયો હોવાનું આયોજકો પાસેથી જાણવા મળ્યું છે.

### ભીલાડમાંથી દેશી તમંચા સાથે યુપીવાસી પકડાયો



ઉમરગામ : વલસાડ એસઓજી પોલીસે બાતમીના આધારે ભીલાડમાંથી દેશી તમંચા સાથે એક યુપી વાસી યુવાનને પકડી પાડી જેલ ધકેલી દીધો હતો. વલસાડ એસઓજી પીઆઈ એ.યુ.રોઝ તથા પીએસઆઇ વાય પી હડીયા તથા પોલીસને મળેલી બાતમીના આધારે ભીલાડ નરોલી જતા ઓવરબ્રિજ પહેલા નેશનલ હાઇવે નંબર 48 વાપીથી મુંબઈ જતા રોડ ઉપર ઉમરગામથી દેશી હાથ બનાવટનો તમંચા કિંમત રૂપિયા પંદર હજાર સાથે સૌરભ ઉર્ફે છોટુ સંતોષ શર્મા (ઉંમર વર્ષ 26 હાલ રહે વાપી જીઆઇડીસી ગુંજન)ની અટક કરી હતી. પકડાયેલા આરોપી વિરુદ્ધ ભીલાડ પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધાવ્યો હતો. પકડાયેલ આરોપી વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન ગુનામાં પણ સંડોવયેલો હતો.


# વાપીની કોર્ટ દ્વારા ચેક રિટર્ન કેસમાં વેપારીને બે વર્ષની કેદ

**આરોપીને** ચેકની બમણી રકમનો દંડ કરી દંડની રકમમાંથી ફરિયાદીને ચેકની રકમના રૂપિયા ચૂકવવા હુકમ

વાપી : વાપીમાં રહેતા વેપારીએ તેના મિત્ર વેપારીને ધંધા માટે આપેલી રકમ પરત ચેકથી લેતા બેંકમાંથી ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે ચેક પરત થતાં વાપીની એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનામાં આરોપીને બે વર્ષની કેદ તેમજ ચેકની બમણી રકમનો દંડ કરી દંડની રકમમાંથી ફરિયાદીને ચેકની રકમના રૂપિયા ૧૨,૫૦,૦૦૦ વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, વાપીના મહેસાણા નગર સોસોયટીમાં રહેતા વેપારી મનોજ મણીલાલ પટેલે મિત્ર ભાવે વાપીના અલ્કાપુરી વિસ્તારમાં ચંદન એપાર્ટમેન્ટમાં રહેતા જયેશ કેશવલાલ ખુનાડીયાને ધંધા માટે આર્થિક મદદરૂપે એચડીએફસી બેંકના બે ચેકથી રૂપિયા ૧૨,૫૦,૦૦૦ આપ્યા હતા. નવેમ્બર ૨૦૧૬માં આ રકમ આપ્યા બાદ ચેકથી એટલી રકમ પરત આપવા માટે જયેશ ખુનાડીયાએ જે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનો ચેક આપ્યો હતો. તે ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત આવતા ૧૯-૮-૨૦૧૭માં કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ કેસમાં વાપીની એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ આઈ.આઈ. પઠાણની કોર્ટે આરોપી જયેશ ખુનાડીયાને તકસીરવાર ઠરાવી બે વર્ષની સખત કેદની સજા કરતો હુકમ કર્યો હતો. તેમજ ચેકથી બમણી રકમનો દંડ કરવાનો પણ હુકમ કર્યો હતો. આ દંડની રકમ જમા થયેથી ચેક જેટલી રૂપિયા ૧૨,૫૦,૦૦૦ની રમક ફરિયાદી મનોજ પટેલને ચુકવી આપવા હુકમ કર્યો હતો. જો દંડની રકમ આરોપી નહીં ભરે તો એક વર્ષની કેદની સજાનો હુકમ કર્યો હતો.

### મહારાષ્ટ્રનો ઘરફોડ ચોરીનો આરોપી ઝડપાયો



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ તથા નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીનાં માર્ગદર્શન હેઠળ આહવા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ.પટેલની ટીમ દ્વારા મહારાષ્ટ્રના સટાણા પોલીસ મથકનો ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડ્યો છે. તેમજ 70 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલો છે. આહવા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ. પટેલનાં સ્ટાફને ખાનગી રાહે બાતમી મળી હતી. જે બાતમીના આધારે મહારાષ્ટ્રના સટાણા પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનામા રીઢો આરોપી સામેલભાઈ રામદાસભાઈ પવાર (રહે- ચિંચધરા તા-આહવા જિ-ડાંગ) સંડોવાયેલો હોય જેને હ્યુમન રિસોર્સ આધારે પકડી પાડી ગુનો ડીટેક્ટ કરેલો હતો. તેમજ 4 મોબાઈલ કિંમત રૂપિયા 70 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલો છે. અને આ આરોપીને મહારાષ્ટ્રનાં સટાણા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.

# વસુધારા ડેરીની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટનો છેદ ઉડી ગયો

**ચૂંટણી** યોજાતા ચેરમેન પદે રાજેશ પટેલ અને વાઇસ ચેરમેન પદે કલ્પનાબેન ભીંસરા ચૂંટાઈ આવ્યા

**મેન્ડેટની** અવગણના થતા ભાજપના ધજાગરા ઉડી જવા સાથે નેતાઓના નૂર ઉડી ગયા



ધર્મેશ પટેલ

### ભાજપ દ્વારા અપાયેલા મેન્ડેટને ડિરેક્ટરોએ જાકારો આપ્યો

વસુધારા ડેરીની ચૂંટણીમાં ચેરમેન વાઇસ ચેરમેનની ચૂંટણી માટે ભાજપ દ્વારા અપાયેલા મેન્ડેટને મહત્તમ ડિરેક્ટરોએ જાકારો આપતા અને મેન્ડેટ વિરૂધ્ધ ઉમેદવારી પત્રકો ભરાતા ભાજપના શિસ્તના ધજાગરા ઉડી જવા સાથે ચેરમેન અને વાઇસ ચેરમેન બંને ભાજપના મેન્ડેટ વિરૂધ્ધ ચૂંટાય આવતા ઉપસ્થિત ભાજપના હોદ્દેદારો અને નેતાઓના ચહેરા પરથી નૂર ઉડી જવા પામ્યા હતા. જોકે આમ તો વર્ષોથી વસુધારા ડેરીની ચૂંટણીમાં ડેરીના કર્તાહર્તાઓ ધારે તે જ થતું હોય છે. જે ફરી પુરવાર થવા પામ્યું છે. ત્યારે ભાજપની સહકારી સંસ્થાઓમાં મેન્ડેટની પ્રથા સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

ઘેજ : ચીખલી સ્થિત વસુધારા ડેરીના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણીમાં ભાજપમાં મેન્ડેટનો છેદ ઉડી જવા સાથે ચૂંટણી યોજાતા ચેરમેન પદે રાજેશ પટેલ અને વાઈસ ચેરમેન પદે સીતાબેન ચૂંટાઈ આવ્યા હતા. મેન્ડેટની અવગણના થતા ભાજપના ધજાગરા ઉડી જવા સાથે ઉપસ્થિત નેતાઓના નૂર ઉડી જવા પામ્યા હતા.

આલીપોર સ્થિત વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ ના ચેરમેન અને વાઈસ ચેરમેનની આજે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ચૂંટણી યોજાતા ભાજપના હોદ્દેદારો, સહકારી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત ચૂંટણીમાં ભાજપ દ્વારા ચેરમેન અને વાઈસ ચેરમેનને પદ માટે મેન્ડેટ આપવામાં આવ્યો હતો. પરંતુ આ દરમ્યાન ચેરમેન અને વાઈસ ચેરમેન માટે બબ્બે ઉમેદવારી પત્રકો ભરાતા ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખ પદની ઉમેદવારીમાં કિશોરભાઈ પટેલની દરખાસ્ત ગમનભાઈ પટેલને ટેકો બાપુભાઈ ઠાકર્યાએ જ્યારે બીજા ઉમેદવાર રાજેશભાઈની દરખાસ્ત પ્રમોદભાઈ અને ટેકો લીલાબેને આપ્યો હતો. જેમાં ૧૪ પૈકી દુવાડાના રાજેશભાઈ ભીખુભાઈ પટેલને ૧૦ મત મળતા તેમનો વિજય થયો હતો. જ્યારે વાઈસ ચેરમેન પદ માટે ધરમપુર બરૂમાળના સીતાબેન દિલીપભાઈ જાધવને નવ અને સામે કલ્પનાબેન ભીંસરાને પાંચ મત મળતા સીતાબેનનો વિજય થયો હતો.

# વાપીના લવાછાથી ગાંજાના જથ્થા સાથે 4 ઈસમ ઝડપાયા

**ચાલીમાં** ભાડે રૂમ રાખી ગાંજાની પડીકીઓનું વેચાણ કરતા નેટવર્કનો પર્દાફાશઃ એક સગીર પણ સામેલ

**પોલીસે** ગાંજો, 3 મોબાઈલ ફોન અને વજન કાંટો મળી કુલ 1,20,250 નો મુદ્દામાલ જપ્ત કર્યો

વાપી : વાપી નજીકના લવાછા વિસ્તારમાં ડુંગરા પોલીસની ટીમે એક ચાલીમાં દરોડો પાડી 2 કિલોથી વધુ ગાંજાના જથ્થા સાથે ચાર ઈસમોને ઝડપી પાડ્યા છે. પકડાયેલા શખ્સોમાં એક 15 વર્ષીય સગીરનો પણ સમાવેશ થાય છે.

ડુંગરા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે લવાછાના બાપુનગર સ્થિત 'અકેલા યાદવની ચાલી'ના એક રૂમમાં માદક પદાર્થનો વેપાર ચાલી રહ્યો છે. પોલીસે હરિયાણા હોટલની પાછળ આવેલી આ ચાલીમાં રેઈડ કરતા આદિત્યકુમાર રાજપ્રસાદ ચંદ્રવંશી (21 વર્ષ) નામનો ઈસમ ઝડપાયો હતો. તપાસ દરમિયાન રૂમમાં અન્ય ત્રણ ઈસમો, અંકિત ગજરાજદેવ પાલ (25 વર્ષ), અવજીતકુમાર રણજીત યાદવ (20 વર્ષ) અને એક 15 વર્ષનો સગીર મળી આવ્યા હતા. રસોડામાંથી મળી આવ્યો માદક પદાર્થ પોલીસે રૂમની જડતી લેતા રસોડાના ભાગેથી એક પ્લાસ્ટિકની કોથળીમાં શંકાસ્પદ પદાર્થ અને ડિજિટલ વજન કાંટો મળી આવ્યો હતો. FSL ટીમ દ્વારા ચકાસણી કરતા તે 'ગાંજો' હોવાનું સ્પષ્ટ થયું હતું. મળી આવેલા 2.095 કિલોગ્રામ ગાંજાની કિંમત 1,04,750 આંકવામાં આવી છે.

મુખ્ય આરોપી આદિત્યકુમારની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તે આ ગાંજો 'અર્પિત' નામના વ્યક્તિ પાસેથી લાવ્યો હતો. ત્યારબાદ રૂમમાં હાજર અન્ય ત્રણ ઈસમો દ્વારા નાની-નાની પડીકીઓ બનાવી તેનું છૂટક વેચાણ કરવામાં આવતું હતું. પોલીસે ગાંજો, 3 મોબાઈલ ફોન અને વજન કાંટો મળી કુલ 1,20,250 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ડુંગરા પોલીસે પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે ગાંજો પૂરો પાડનાર અર્પિતને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

# શિક્ષકની સજા બાદ વિદ્યાર્થીનું મોત, પંથકમાં અરેરાટી

**વાંસદામાં** સિકલસેલથી પીડાતા ધોરણ-૯ના છાત્રને ગણિતના શિક્ષકે કરાવી હતી ઉઠક-બેઠક, તબિયત લથડતા દમ તોડ્યો

વાંસદા : વાંસદા પંથકમાં આવેલી આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા એક સગીર વિદ્યાર્થીનું શિક્ષકની સજા બાદ શંકાસ્પદ હાલતમાં મોત નીપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સિકલસેલ જેવી ગંભીર બીમારીથી પીડાતા આ વિદ્યાર્થીને શિક્ષકે ઉઠક-બેઠકની સજા આપી હતી, જેના કારણે તેની શારીરિક સ્થિતિ બગડી હોવાનું મનાઈ રહ્યું છે.

મળતી માહિતી મુજબ, તાપી જિલ્લાના ડોલવણ તાલુકાનો વતની અને વાંસદાની આદર્શ નિવાસી શાળામાં ધોરણ 9 માં અભ્યાસ કરતો આ વિદ્યાર્થી શાળાના મેદાનમાં મિત્રો સાથે રમી રહ્યો હતો. આ દરમિયાન ગણિતનો તાસ (પિરિયડ) શરૂ થઈ ગયો હોવા છતાં વિદ્યાર્થીઓ વર્ગખંડમાં મોડા પહોંચ્યા હતા. નિયમભંગ બદલ ગણિતના શિક્ષકે સિકલસેલની બીમારી ધરાવતા આ વિદ્યાર્થી સહિત અન્ય બાળકોને સજારૂપે 25 થી 30 જેટલી ઉઠક-બેઠક કરાવી હતી.

સજાના બીજા દિવસે સગીરની માતા શાળાએ પહોંચી હતી અને પુત્રની તબિયત નાદુરસ્ત જણાતા તેને રજા અપાવી ડોલવણ ઘરે લઈ ગઈ હતી. જોકે, ઘરે પહોંચ્યા બાદ સગીરની હાલત વધુ ગંભીર બની હતી અને સારવાર દરમિયાન તેનું શંકાસ્પદ મોત નિપજ્યું હતું. સ્થાનિક સ્તરે એવી ચર્ચા છે કે સિકલસેલના દર્દી હોવા છતાં તેને આપવામાં આવેલી આકરી શારીરિક સજાને કારણે જ બાળકની હાલત કથળી હતી.

આ ઘટના અંગે જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે શિક્ષકે બચાવમાં જણાવ્યું હતું કે તેમને બાળકની બીમારી અંગે અગાઉથી કોઈ જાણકારી ન હતી. જોકે, શિક્ષકની એક ભૂલ અથવા બેદરકારીને કારણે પરિવારે વ્હાલસોયો પુત્ર ગુમાવ્યો છે. હાલ આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ પંથકમાં આ ગંભીર ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવાની ઉગ્ર માંગ ઉઠી છે.